| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૧/૦૩/૨૦૨૨ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૧૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૨૦/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૧ | ૦ | ૧૩૧ | ૪૦૯ | ૦ | ૪૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૮૪ | ૦ | ૧૦૦૬૮૪ | ૧૦૯૫૮૭ | ૦ | ૧૦૯૫૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩ | ૨,૭૩,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૧૫,૦૦૦/- |

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૬૬ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન, ૧ બસ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૧૪/૨૦૨૨**

**નારણપુરાઃ (૧)** નિસર્ગ હર્ષદકુમાર પટેલ (ઉ.વ.૩૦) (રહે.ઈશ્વરનગર સોસાયટી મણીનગર) એ તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હર્ષિલ ધનશ્યામભાઇ પટેલ (રહે. પહેલો માળ સુંદરવન એપાર્ટમેન્ટ પારસનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે નારણપુરા) એ નારણપુરા અંકુર ચાર રસ્તા તેમજ ઘાટલોડિયા ડ્રાઇવ ઇન રોડ ગુરૂકુળ સામે પંજાબ હોન્ડા શો-રુમ મારુતિ સેન્ટર ઓફિસ નંબર-LL-19 ખાતે ઉડાણ હોલી-ડે નામની ઓફિસ ખોલી કેનેડાના વર્ક પરમીટ વિઝા મેળવી આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ કેનેડા વર્ક પરમીટ વિઝા માટે નિસર્ગ પટેલ પાસેથી રૂપિયા ૩,૪૦,૦૦૦/- તથા નિસર્ગ પટેલના સબંધી પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૪૦,૦૦૦/- મેળવી લઈ કેનેડા વર્ક પરમીટ વિઝા નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**નારણપુરાઃ (૨)** ધવલભાઇ રમણલાલ પટેલ (ઉ.વ.૪૨) (રહે.એસ.બી.આઇ સ્ટાફ સોસાયટી નવરંગ સ્કુલ પાસે નારણપુરા) એ તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ અજાણી વ્યક્તિએ ધવલભાઈ પટેલના ક્રેડીટકાર્ડમાંથી ચેનકેન પ્રકારે અલગ-અલગ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૪૯,૭૨૦/- ટ્રાંજેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૫/૨૦૨૨</u>**

**નારોલઃ** ઘનશ્યામભાઇ દિલીપસિંહ રાઠોડ (રહે. સપ્તેશ્વર સોસાયટી પાર્થેશ્વર મહાદેવના ખાંચામાં ઇસનપુર વટવા રોડ નારોલ) એ તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૨ બપોરના ૩/૩૦ થી તા.૧૯/૦૩/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધરા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૬/૨૦૨૨</u>**

**રાણીપઃ (૧)** માધવીબહેન વા/ઓ મુકેશભાઇ ચૌધરી (ઉ.વ.૫૦) (રહે. શકિતનગર ભીમજીપુરા નવાવાડજ) તા.૨૦/૦૩/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રાણીપ બસ સ્ટેન્ડ મહાદેવના મંદીર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ માધવીબહેન ચૌધરીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ માધવીબહેન ચૌધરીએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

**રાણીપઃ (૨)** ભગવતીબહેન વા/ઓ ટહેલરામ કંઠાણી (રહે. પ્રથમ રેસીડેન્સી આકેષણ ફાટક પાલનપુર જીલ્લો બનાસકાંઠા) તા.૨૦/૦૩/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે રાણીપ સુભાષબ્રિજ સર્કલ ગ્રામ્ય બસ સ્ટેન્ડ નજીક ઉભા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભગવતીબહેન કંઠાણીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભગવતીબહેન કંઠાણીએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૭/૨૦૨૨</u>**

**કૃષ્ણનગરઃ** રૂબી વા/ઓ સોનુ કુમાવત (ઉ.વ.૩૪) (રહે. બ્લોક નંબર સી વિભાગ-૨ ઇન્દ્રજીત સોસાયટી ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૨ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના ઘરે છતમાં લોખંડની એંગલમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

**સરદારનગરઃ** રેવાભાઇ પરાગભાઇ રાઠોડ (ઉ.વ.૫૭) (રહે. વાલ્મીકી આવાસ યોજના નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૨ બપોરના ૪/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર પ્રવિણકુમાર ચલાવે છે.

**ગોમતીપુરઃ** કલ્પેશકુમાર રમણલાલ પરમાર (રહે. કુંડાવાળી ચાલી પોસ્ટ ઓફીસ સામે રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

**રામોલઃ (૧)** લીસીબહેન વા/ઓ અજયકુમાર મૌર્ય (ઉ.વ.૩૬) (રહે. માતૃભક્તિ સોસાયટી રેવાભાઇ એસ્ટેટ પાસે સુરેલીયા રોડ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**રામોલઃ** (૨) નિધીબહેન વા/ઓ વિકાસભાઇ યાદવ (ઉ.વ.૨૦) (રહે. માતૃભક્તિ સોસાયટી રેવાભાઇ એસ્ટેટ પાછળ સુરેલીયા રોડ રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૩/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમીશનર શ્રી 'આઈ' ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.